અપીલ અરજી નં.૨૭૨ તા.૧૯–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ભીકડીયા રાકેશ કાળુભાઈ

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)તથા અન્ય

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભીકડીયા રાકેશ કાળુભાઈની તા.૯–૧૦–૦૯ ની અરજીથી કોમ્પ્યુટર ઓપરેટર ફાળવણી બાબતે મુદ્દા નં.૧ થી ૧૪ અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૯–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૭૨/૨૦૦૯–૧૦

શ્રી ભીકડીયા રાકેશ કાળુભાઈની તા.૯–૧૦–૦૯ ની અરજીથી કોમ્પ્યુટર ઓપરેટર ફાળવણી બાબતે મુદ્દા નં.૧ થી ૧૪ અંગે માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૩૨ તા.૨૪–૧૧–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) અને અરજદારને મળેલી માહિતીની નકલ તથા નારાજગીના આધાર અને વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૩૦–૧૧–૦૯ ના રોજ મળેલી માહિતી અંગે સદર પત્ર સાથે પાના નં૧૮૫ રજૂ કરેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજી ફી ભર્યાની વિગત, સેન્ટ્રલઝોનનો પત્ર નં.૯૭૨ તા.૧૪–૧૦–૦૯ નો પર્સોનલ ઓફિસર મહેકમ અને હિસાબનીશને તબદીલ પત્રની નકલ, મહેકમ વિભાગનો નં.જીએડી/ઈએસટી/૨૧૯૮ તા.૧ ૫–૧૦–૦૯ નો ૧ થી ૫૦ ખાતાઓમાં તબદીલ પત્રની નકલ, અરજદારનો તા.૪–૧૧–૦૯ નો ઈન્સ્પેકશન માંગતો પત્રની નકલ, , મધ્યસ્થ મહેકમનો સદર પત્ર સંદર્ભે નં.જીએડી/ઈએસટી/૨૪૮૨ તા.૧૦–૧૧–૦૯ થી મુળ અરજી દફતરે કર્યાની માહિતીના પત્રની નકલ,અરજદારનો તા.૨૬–૧૧–૦૯ ના પત્રની નકલ, અરજદારનો ૭–૧૧–૦૯ તા.૧ ૦–૧૧–૦૯ ના પત્રની નકલ, શીવસાંઈ કોમ્પ્યુટર અને આકાર સી. એસ.એમ.એસ. ના આરટીઆઈ ધારા–૮(૧)(ઘ) હેઠળ માહિતી આપવા સામે લીધેલા તા.૨–૧૧–૦૯ ના વાંધા પત્રની નકલ, અરજી સાથે ઈએસઆઈના શીવ સાંઈ કોમ્પ્યુટર અને આકાર સી.એસ.એમ. એસ.ને પાઠવેલ પત્રની નકલ, તથા આ સાથે સામેલ પત્રક મુજબ સુરત મહાનગરપાલિકાના જુદા જુદા વિભાગના જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રો રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૭૧૪ તા.૩૦–૧૦–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ તથા સે.ઝોન તરફથી તા.૧૪–૧૦–૦૯ ના રોજ પર્સોનલ ઓફિસર મહેકમ અને હિસાબનીશને તબદીલ કરેલ પત્રની નકલ, નં.જીએડી/ઈએસટી/૨૧૯૮ તા.૧૫–૧૦–૦૯ થી મહાનગરપાલિકાના જુદા જુદા ૫૦ વિભાગોને તબદીલ કરેલ પત્રની નકલ, તા.૪–૧૧–૦૯ ના રોજ અરજદારે ઈન્સ્પેકશન માંગ્યાના પત્રની નકલ તથા તે અંગે નં.જીએડી/ઈએસટી/૨૪૮૨ તા.૧૦–૧૧–૦૯ ના રોજ ઈન્સ્પેકશનની માં ગણી મુળ અરજીમાં ન હોઈ ગ્રાહય નહીં રાખી નિયત ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જણાવતા પત્રની નકલ તથા શીવસાંઈ કોમ્પ્યુટર અને આકાર સી.એસ.એમ.એસ.ના તા.૨–૧૧–૦૯ ના રોજ આરટીઆઈ ધારા –૮(૧)(ઘ) મુજબ ધંધાકીય ગોપનીયતા બાબતના વાંધા પત્ર અને તા.૩૦–૧૧–૦૯ ના રોજ અરજદારના પી.એફ અને ઈએસઆઈના રજૂઆત બાબતના પત્રની નકલો તેમજ ઈ.એસ.આઈ. તરફથી તા.૯–૧૨–૦૯ ના પત્રથી અરજદાર ધ્વારા રૂા.૧૧૨/– ભર્યે માંગેલ માહિતી આપવા તૈયારી દર્શાવતા પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૯–૧૦–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૪ ની માહિતીની માંગણી કરવામાં આવેલ છે. મુદ્દા નં.૧. સુમપાના સ્થા.સ.ઠ.નં.૧૧૫૪/૪ તા.૨૦–૮–૦૪ થી નિયમો બનાવી તે કયા કયા નિયમો છે તેની કોપી આપવા બાબત. ૨. સુરત મહાનગરપાલિકાના સ્થા.સ.ઠ.નં.૧૩૨૩/૪ તા.૨૯–૯–૦૪ થી કઈ કઈ કંપનીને કેટલા કેટલા કોમ્પ્યુટર ઓપરેટર વર્ક ઓર્ડર આપવામાં આવેલ તેની નકલ આપવા બાબત. ૩. સ્થા.સ.ઠ.નં ૧૩૨૩/૪ તા.૨૯–૯–૦૪ માં વર્કઓર્ડર આપનાર કંપનીઓએ કયા કયા પુરાવા રજૂ કરેલ તે તમામ કાગળોની નકલ આપવા બાબત. ૪. સ્થા.સ.ઠ.નં.૧૯૫/૨૦૦૭ તા.૮–૨–૦૭ થી કેટકેટલા કોમ્પ્યુટરોનો વર્ક ઓર્ડર કઈ કઈ કંપનીને ફાળવેલ તેની વિગત અને આ ઠરાવ ફાઈલમાં આ કંપનીઓ ધ્વારા કયા પુરાવાઓ વર્ક મેળવવા રજૂ કરેલ તે તમામ કાગળોની નકલ આપવા બાબત. ૫. ઉપરોકત ઠરાવ નં.૧૩૨૩/૪ તા.૯–૯–૦૪ થી અને ૧૯૫/૨૦૦૭ તા.૮–૨–૦૭ સિવાય અન્ય કોમ્પ્યુટર ઓપરેટરોનો વર્ક ઓર્ડર કોને કોને આપવામાં આવેલ તેની વિગત. ૬. આકાર સી.એસ. એમ. એસ. કોમ્પ્યુટર ઓપરેટર ધ્વારા આજ દિન સુધી (૨૦૦૪ થી ૨૦૦૯) કેટલા વર્ક ઓર્ડર કોમ્પ્યુટર ઓપરેટરને મળેલ છે તેમની સંપૂર્ણ વિગત પુરાવા સાથે આપવી. ૭. શીવ સાંઈ કોમ્પ્યુટર ઓપેરટર ધ્વારા સદર સમયગાળાની વિગતે કેટલા વર્ક ઓર્ડર કોમ્પ્યુટર ઓૅપેરટર મળેલ છે તેની સુપૂર્ણ વિગત પુરાવા સાથે આપવી. ૮. ઉપરોકત બંને કંપનીઓ ધ્વારા કેટલા પી.એફ. વર્ક ઓર્ડર પ્રમાણે કેટકેટલા માણસોનો ભરેલો છે અને તેમની પી.એફ. ભરેલાની તમામ રસીદો નામ સાથે આપવી. અને આ તમામ માણસોના જે પી.એફ. ભરાય છે તે માણસોના નામ સરનામાં અને કવોલીફીકેશન સાથેની માહિતી આપવી. ૯. ઈ.એસ.આઈ. આ બંને કંપનીએ આજ દિન સુધી કેટલો ભરેલો છે અને કેટલા માણસોનો ભરેલો છે તે માણસોના નામ

સરનામાં સાથે રસીદની તમામ નકલો આપવા બાબત. ૧૦. આકાર સી.એસ.એમ. એસ. અને શીવ સાંઈ કોમ્પ્યુટર ઓપરેટર કંપનીએ કેટલા માણસો વર્ક ઓર્ડર પ્રમાણે આજ દિન સુધી બેસાડવામાં આવ્યા છે એન તેમની લાયકાત અને કવોલીફીકેશન તમામ નકલો નામ સરનામાં સાથે આપવા બાબત. (૨૦૦૪ થી આજ દિન સુધી) ૧૧. આજ દિન સુધી આ ઉપરોકત બંને કોમ્પ્યુટર ઓપરેટરોએ જે તે ખાતા/ઝોનમાં જે કામ કરાવ્યું છે તે તમામ કામમાં કોમ્પ્યુટર ઓપરેટરની હાજરી પુરવામાં આવી છે તમામ હાજરી પત્રકની નકલો આપવા બાબત. ૧૨. આજ દિન સુધી ઉપરોકત બંને કોમ્પ્યુટર કંપનીઓએ રાખેલ માણસોની સંખ્યા તેમજ તમામ માણસોને પગાર આપતી વખતે જે તે પગાર રસીદ આથવા તો પગાર કરતી વખતે જે તે રજીસ્ટરમાં સાંઈન કરાવી હોય તે પગાર પત્રકની નકલ આપવા બાબત. ૧૩. આજ દિન સુધી ઉપરોકત બં ને કંપનીઓ ધ્વારા કેટલો સર્વીસટેક્ષ ભરવામાં આવ્યો છે તમામ ટેક્ષ ભરેલી રસીદોની વિગતવાર નામ સાથેની માહિતી આપવા બાબત. ૧૪. ઉપરોકત તમામ મુદ્દાઓ વિગતવાર અને સંપૂર્ણ માહિતી આપવાની રહેશે તેમજ તમામ મુદ્દાઓની વિગતવાર પુરાવા આપવા. સદર ૧ થી ૧૪ મુદ્દાઓની માંગણી બાબતે સુરત મહાનગરપાલિકાના જુદા જુદા જાહેર માહિતી અધિકારીઓ તરફથી નીચે જણાવેલા પત્રક મુજબની અરજદારને માહિતી પાઠવવા કાર્યવાહી કર્યાની વિગતો પ્રાપ્ત થયેલ છે.

| અ.ન. | જાહેર માહિતી અધિકારી અને ખાતાનું નામ | આપેલ માહિતીના પત્ર નંબર | આપેલ માહિતીન સંક્ષિપ્ત વિગત |
|---|---|---|---|
| ૧. | કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) | નં.સા.ઝોન/અકણ(આરટીઆઈ) /૧૨૪૬ તા.૧૨–૧૧–૦૯ | મુદ્દા નં.૨,૪,૬,૧૦,૧૧ ની માહિતી રૂા.૩૫૨/– ભરપાઈ કરી મેળવવી. |
| ૨. | જાહેર માહિતી અધિકારી (મસ્કતિ) | નં.એમ.સી.એચ./આ.નં.૧૩૧૯ તા.૬–૧૧–૦૯ | મુદ્દા નં.૧૦ અને ૧૧ ની મીહતી રૂા.૭૨/– ભરપાઈ કરીને મેળવવી. |
| ૩. | કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલઝોન | નં.સ ે.ઝોન/આરટીઆઈ/આ.વં. ૧ ૦૬૭ તા.૯–૧૧–૦૯ | રૂા.૬૬૦/– ભરપાઈ કરીને માહિતી મેળવવી. |
| ૪. | ગાર્ડન સુપ્રિ. અને મ.જાહેર માહિતી અધિકારી (ગાર્ડન) | નં.પીપીજી/આ.વ.નં.૮૫૦ તા.૨૯–૧૦–૦૯ | મુદ્દા નં.૧૦ થી ૧૩ ની માહિતી આપેલ છે. |
| ૫. | કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી(મ્યું. વર્કશોપ) | નં.ઓટો વર્કશોપ/૭૪૯ તા.૬–૧૧–૦૯ | મુદ્દા નં.૧૧ ની માહિતી રૂા.૨/– નકલદીઠ ભરપાઈ કરી મેળવવી. |
| ૬. | કાર્યપાલક ઈજનેર મ.અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન) | નં.સા.વે.ઝોન/આરટીઆઈ/આ. નં.૫૯૮ તા.૧૦–૧૧–૦૯ | રૂા.૩૩૮/– ભરપાઈ કરી માહિતી મેળવવી. |
| ૭. | ચીફ ફાયર ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારી (વોચ એન્ડ વોર્ડ) | વો.વોર્ડ/૬૭૦ તા.૨૧–૧ ૦–૦૯ | મુદ્દાનં.૧૧ ની રૂા.૧૨/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ. જે રસીદ નં.૭૯૪૯૧ ભરીને વોચ એન્ડ વોર્ડના પત્ર નં.૬૮૭ તા.૨૭–૧૦–૦૯ થી માહિતી મેળવેલ છે. |
| ૮. | મેનેજર ગાંધી સ્મૃતિભવન અને મ.જાહેર માહિતી અધિકારી | જી.એસ.બી.૨૪૬ તા.૧૦–૧૧ –૦૯ | રૂા.૪૬/– ભરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. |
| ૯ | એડી.માર્કેટ સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી (માર્કેટ) | પીએચડી/માર્કેટ/૭૪૩ તા.૨૬–૧૦–૦૯ | મંદ્દા નં.૧૧ અંગે રૂા.૨૨/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. |
| ૧૦ | ઈ.ચા. ચીફ પ્રોજેકટ ઓફિસર અને જાહેર માહિતી અધિકાર (યુસીડી) | યુસીડી/૯૮૧ તા.૨૮–૧ ૦–૦૯ | રૂા.૨૪/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ છે. |
| ૧૧. | સેકશન ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારી (રેકર્ડ) | આર.કે. આ.નં.૨૯૨ તા.૨૮–૧ ૦–૦૯/આર.કે.૩૨૪ તા.૧ ૮–૧૧–૦૯ | રૂા.૭૦/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ. યાદ પત્ર–૧ પાઠવવામાં આવેલ. |
| ૧૨ | ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) | નં.જીએડી/ઈએસટી/૨૨૯૫ તા.૨૭–૧૦–૦૯ | રૂા.૧૬૫૦/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. |
| ૧૩ | એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઓફિસ) | સી/૨૦૧૨ તા.૨૮–૧૦–૦૯ | રૂા.૧૬/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | ચીફ ફાયર ઓફિસર<br>અને મ.જાહેર માહિતી અધિકારી (ફાયરખાતુ) | એફબી/એસપી/૧૫૮૬<br>તા.૨૮–૧૦–૦૯<br>એફબી/એસપી/૧૬૨૧<br>તા.૪–૧૧–૦૯ | રૂા.૩૮/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ.<br>યાદ પત્ર–૧પાઠવવામાં આવેલ. |
| ૧૫ | પર્સોનલ ઓફિસર અને મ.જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ) | જીએડી/ઈએસટી/આર/૬૬૮ તા.૨૮–૧૦–૦૯ | રૂા.૩૮/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. |
| ૧૬ | એડીશનલ સીટી ઈજનેર<br>અને જાહેર માહિતી અધિકારી (લાઈટખાતુ) | નં.એસ.ટી.એલ.એચ.કયુ/ઓ.ડબ્લ્યુ/નં.૯૩૯ તા.૨૮–૧૦–૦૯ | રૂા.૨૬/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. |
| ૧૭ | આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (જન્મ મરણ) | પીએચડી/એમઆર/૩૫૭<br>તા.૨૩–૧૦–૦૯ | કોમ્પ્યુટર ઓપેરટર નથી. |
| ૧૮ | આસી. કમિશ્નર(ફા.)<br>અને જાહેર માહિતી અધિકારી (આકારણી અને સીધાવેરા સેલ) | એઆરડી/સેલ/૧૯૪ તા.૨૮–૧૦–૦૯ | કોમ્પ્યુટર ઓપરેટર નથી. |
| ૧૯ | એડીશનલ સીટી ઈજનેર<br>અને જાહેર માહિતી અધિકારી( બ્રીજ સેલ) | બ્રીજસેલ/આરટીઆઈ/ આ.નં.૧૫ તા.૩૦–૧૦–૦૯ | રૂા.૭૨/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. |
| ૨૦ | ડે.કમિશ્નર(પઅનેઈ)<br>અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) | ૧.એન.ઝેડ/આ.નં.૫૧૦૫<br>તા.૫–૧૧–૦૯<br>૨.એન.ઝેડ/આ.નં.૫૪૯૮ તા.૧૭–૧૧–૦૯<br>૩.એન.ઝેડ/આ.નં.૫૭૪૬<br>તા.૨૬–૧૧–૦૯ | રૂા.૪૧૬/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ.<br>યાદપત્ર–૧ પાઠવવામાં આવેલ.<br><br>યાદપત્ર–૨ પાઠવવામાં આવેલ. |
| ૨૧ | કાર્યપાલક ઈજનેર અને મ.<br>જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ) | હાઉસીંગ/૬૭૫ તા.૩૦–૧૦–૦૯ | રૂા.૧૨૮/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. |
| ૨૨ | આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ) | પીએચડી/ફુડ/૪૯૯ તા.૩૦–૧૦–૦૯ | રૂા.૫૪+૮૦/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. |
| ૨૩ | સેકશન ઓફિસર અને મ.જાહેર માહિતી અધિકારી (વ્યવસાયવેરા) | પીટીઆરસી/૩૪<br>૮ તા.૨૭–૦૯–૦૯ | રૂા.૪૪/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. |
| ૨૪ | આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય મહેકમ) | પીએચડી/પીઓ/આરટીઆઈ/ ૧૮ તા.૪–૧૧–૦૯ | રૂા.૬૮/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. |
| ૨૫ | ડે.કમિશ્નર(પઅનેઈ)<br>અને જાહેર માહિતી અધિકારી (આરટીઆઈ સેલ) | આરટીઆઈ સેલ/૮૧૦<br>તા.૨૮–૧૦/૪–૧૧–૦૯ | મુદ્દા નં.૧૦ અને ૧૧<br>અંગે રૂા.૫૦/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ.<br>કર્મચારીની વિગત પૂરી પાડી. |
| ૨૬ | ઈ.ચા. જંતુનાશક અધિકારી અને મ. જાહેર માહિતી અધિકારી (વાહકજનિત રોગ નિયંત્રણ વિભાગ)વીબીડીસી | પીએચડી/આઈઓ/૧૭૬૨<br>તા.૪–૧૧–૦૯ | મુદ્દા નં.૧૧ અંગે બે ઓપરેટરો બે માસ માટે ફાળવેલની તેની માહિતી આપવામાં આવી. તથા હાજરીપત્રક અને વર્ક ઓર્ડરની નકલ માટે જરૂરી ફી ભરી મેળવી લેવા જણાવ્યું. |

| | | | |
|---|---|---|---|
| ૨૭ | ઈ.ચા. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક) | એચઈડી/આ.નં.૨૨૬૪ તા.૬–૧૧–૦૯ | મુદ્દા ૧૧ અંગે રૂા.૪૦/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. |
| ૨૮ | કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) | ૧.સા.ઈ.ઝોન/મહેકમ/આ.ન./ ૨૭૭૩ તા.૬–૧૧–૦૯<br>૨.સા.ઈ.ઝોન/મહેકમ/આ.ન./ ૨૯૦૪ તા.૧૬–૧૧–૦૯ | રૂા.૧૨/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ.<br>કર્મચારીની વિગત પૂરી પાડી. યાદપત્ર–૧<br>રસીદ નં.૧૬૯૬૨૪૪ તા.૨૩–૧૧–૦૯ ના રોજ ભરપાઈ કરી મેળવેલ છે. |
| ૨૯ | એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજખાતુ) | ડીએનજી/આરટીઆઈ/આ.નં.૨૨ તા.૨૧–૧૧–૦૯ | રૂા.૭૦/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. |
| ૩૦ | કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) | ઈ.ઝેડ/આરટીઆઈ/૪૦૫ તા.૪–૧૦–૦૯<br>ઈ.ઝેડ/આરટીઆઈ/૪૦૫ તા.૨૦–૧૧–૦૯ | રૂા.૫૮૪/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ . દફતરે કરેલ છે. |
| ૩૧ | ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી (સ્મીમેર) | સ્મીમેર/૨૯૫૬ તા.૧૯–૧૧–૦૯ | મુદ્દ નં.૨ ની માહિતીના ૩૬ અને મુદ્દા નં.૭ ની માહિતીના ૨૮ અને મુદ્દા નં.૧૦ ની માહિતીના ૧૭૬ અને મુદ્દા નં.૧૧ ની માહિતીના ૬૭૦ ભરપાઈ કરી માહિતીમેળવવાજણાવેલ છે. |
| ૩૨ | મેનેજર સાંસ્કૃતિક અને મ. જાહેર માહિતી અધિકારી (સાંસ્કૃતિક) | સાંસ્કૃતિક/૫૪૫ તા.૧૩–૧૧–૦૯ | રૂા.૩૪/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. |
| ૩૩ | કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ) | એસયુસી/આ.નં.૧૮૮૧ તા.૧૯–૧૧–૦૯ | (મુદ્દા નં.૨ ૧૧ થી ૧૩ ની) માહિતી બે ઓપરેટર ની વિગત અને માહિતી આપવામાં આવેલ છે |

સુરત મહાનગરપાલિકાના વિવિધ ખાતઓના જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને ઉપરોકત પત્રકમાં જણાવેલ વિગતે માહિતી પૂરી પાડવા કાર્યવાહી કરેલ હોવાનું જણાયેલ છે. જે અંગે અરજદારે તા.૧૯–૧૧–૦૯ ના રોજ અપીલ અરજી કરી તેમને તા.૪–૧૧–૦૯ ના રોજ માંગેલ ઈન્સ્પેકશનને દફતરી કરવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૪૮૨ તા.૧૦–૧૧–૦૯ થી અરજી સંદર્ભે તા.૨૭–૧૦–૦૯ ના રોજ પત્ર નં.જીએડી/ઈએસટી/૨૨૯૫ થી જરૂરી ફી ભરવા માટે જાણ કરવામાં આવેલ. જે ફી ભરવાને બદલે તા.૪–૧૧–૦૯ ના રોજ મળેલ પત્રથી ઈન્સ્પેકશનની માંગણી કરેલ છે. મુળ અરજીમાં ઈન્સ્પેકશન સંદર્ભનો કોઈ ઉલલેખ નથી જેથી ઈન્સ્પેકશન આપી શકાય તેમ ન હોવાથી મુળ અરજી દફતરે કરવામાં આવેલ છે. તેમ છતાં આવી માહિતીની જરૂર હોય તો ફરીથી નિયમોનુસાર અરજી કરી શકો છો. તેવી માહિતી આપવામાં આવેલ છે. અરજદારે તેમની અપીલ અરજીથી કોમ્પ્યુટર ઓપરેટર કંપનીઓના લીધેલ વાંધાને પરિપત્રીત કરવા બાબતે થર્ડ પાર્ટી તરીકે કોપી નહીં મોકલવા બાબતે તથા મુદ્દા નં.૧ સુરત મહાનગરપાલિકા સબંધિત પત્રક–૧ મુજબ ના જાહેર માહિતી અધિકારી ૨. પ્રોવિડન્ડ ફંડ કચેરી મજુરાગેટ ૩. એમ્પલોઈ સ્ટેટ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન ન્યુ. સીવીલ ચાર રસ્તા ૪. સર્વીસટેક્ષ કચેરી સુરત સામે હુકમ કરવાની માંગણી કરેલ છે. તેમજ તેમને મધ્યસ્થ મહેકમ વિભાગ પી.એફ કચેરી , ઈએસઆઈ કચેરી, સર્વીસટેક્ષ કચેરીની માંગેલ માહિતી મળેલ નથી તેમજ સુરત મહાનગરપાલિકાના ડ્રેનેજ વિભાગ , હેડ વોટર વર્કસ, સ્લમ અપગ્રેડેશન સેલ, ટાઉન પ્લાનીંગ, આઈસીડીએસ–૨, સેન્ટ્રલ સ્ટોર્સ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, સ્ટ્રીટલાઈટ, વર્કશોપ, જનસંપર્ક, સરથાણા નેચર પાર્ક, વેસ્ટઝોન, રીક્રુટમેન્ટ વિભાગ, મસ્કતિ ધર્માથ હોસ્પિટલ, ફુડ વિભાગ, સેન્ટ્રલ ઓફિસ, સાંસ્કૃતિક, સ.વ. પટેલ મ્યુઝીયમ, સ્મીમેર, શહેર વિકાસ ખાતુ, વીબીડીસી ખાતુ, સેન્ટ્રલ સેલ સીધાવેરા, શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ, જન્મ મરણ વિગેરે વિભાગની માહિતી મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારે મોકલેલી માહિતી અપીલ તબકકે નં.આરટીઆઈ સેલ/૯૩૨ તા.૨૪–૧૧–૦૯ ના રોજ પાઠવેલ પત્ર નાસંદર્ભે તા.૩૦–૧૧–૦૯ ના રોજ પાના નં.૧ થી ૮૫ ની જે માહિતી અત્રે મોકલવામાં આવેલ છે જેની ચકાસણી કરતાં અરજદારે ઉપરોકત જણાવેલ વિભાગો પૈકી ડ્રેનેજ, સ્લમ અપગ્રેડેશન, સ્ટ્રીટ

લાઈટ, વર્કશોપ, રીક્રુટમેન્ટ, મસ્કતિ ધર્માથ હોસ્પિટલ, ફુડ વિભાગ, સાંસ્કૃતિક, સ્મીમેર, સેન્ટ્રલ સેલ સીધાવેરા, સ ે.ઓફિસ,વીબીસીડી, જન્મ મરણ વિગેરે વિભાગોની મળેલ માહિતી પત્રોની નકલ અત્રે રજૂ કરેલ છે. તથા સદર અરજીમાં મુદ્દા નં.૧ થી ૭ બાબતે અરજદારે ઈન્સ્પેકશન ન મળવા બાબતે તથા મુદ્દા નં.૮ પી.એફ કચેરીની માહિતી બાબતે મુદ્દા નં.૯ ઈ.એસ.આઈ.ની માહિતી બાબતે મુદ્દા નં.૧૦ બંને કંપનીઓના કર્મચારીઓની વિગતો બાબતે મુદ્દા નં.૧૧ અન્ય ખાતાઓની નહીં મળેલી માહિતી બાબતે મુદ્દાનં.૧૨ નહીં મળેલી માહિતી બાબતે અને મુદ્દા નં.૧૩ સર્વીસટેક્ષ અંગેની નહીં મળેલી માહિતી બાબતે રજૂઆત કરેલ છે. તથા અરજદારે તેમના તા.૭–૧૧–૦૯ તથા તા.૧૦–૧૧–૦૯ ના પત્રથી પણ થર્ડ પાર્ટી તરીકે બંને કંપની તરફથી વાંધા પત્ર ની નકલ નહીં મળવા અંગે રજૂઆત કરેલ છે. જે બાબતે અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૮૮૮ તા.૧૩–૧૧–૦૯ થી આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) મુજબ જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજગીના કિસ્સામાં દિન–૩૦ માં અપીલ અધિકારીને પ્રથમ અપીલ કરવાની અને કલમ–૨૦(૧) મુજબ જાહેર માહિતી અધિકારીએ કોઈ વાજબી કારણ વિના માહિતી માટે અરજી સ્વીકારવાની ના પાડી છે અથવા તો કલમ–૭ ની પેટા કલમ–૧ હેઠળ નિર્દિષ્ટ કરેલ સમયની અંદર માહિતી પૂરી પાડી નથી અથવા માહિતી માટેની વિનંતી બાદ ઈરાદાપૂર્વક ના પાડી છે અથવા જાણીબુઝીને ખોટી, અધૂરી અને ગેરમાર્ગે દોરનારી માહિતી આપી છે અથવા માહિતી પૂરી પાડવા માટે કોઈ પણ અવરોધ કર્યો છે તો તે અરજી સ્વીકારવામાં આવેલ ત્યારથી દરેક દિવસ માટે રૂા.૨૫૦/– નો દંડ કરી શકશે. તેમ છતાં તેવા દંડની પૂરી રકમ રૂા.૨૫૦૦૦/ કરતાં વધવી જોઈએ નહીં તેવી જોગવાઈ છે અને તે સત્તા માહિતી આયોગને હોઈ શિક્ષા બાબતે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. પરંતુ આપ જાહેર માહિતી અધિકારીએ નિકાલ કરેલ આપની આરટીઆઈ હેઠળની અરજીના પ્રત્યુત્તરની નારાજગીના કિસ્સામાં કલમ–૧૯(૧) સાથે નિયમ–૬ હેઠળ પ્રથમ અપીલ કરવા સ્વતંત્ર છે. તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે.વધુમાં અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૯૬૪ તા.૩–૧૨–૦૯ થી તેમના તા.૩૦–૧૧–૦૯ ના પત્રના સંદર્ભે જાહેર માહિતી અધિકારી પ્રોવિડંડ ફંડની કચેરી મજુરાગેટ , એમ્પલોઈ સ્ટેટ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન ન્યુ. સીવીલ ચાર રસ્તા ,સર્વીસટેક્ષ કચેરી સુરના નિર્ણયથી નારાજ હોવાનું જણાવેલ છે. અને તે સામે અપીલ દાખલ કરવા આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ લાગત જે તે સત્તા મંડળ હેઠળના જાહેર માહિતી અધિકારીના ઉપરી અધિકારી હોય તેને અપીલ કરવાની રહે છે તેવું જણાવવામાં આવેલ છે. વધુમાં મહાનગરપાલિકાના અમુક ખાતા સામેની બાબતે સ્પષ્ટ કયા ખાતાઓની માહિતી આવેલ નથી તે સ્પષ્ટ કરવા અને વિલંબથી ફી માટે લખેલ ખાતાઓની પૂરી વિગત જણાવવા અને તબદીલ કરવામાં આવેલી અરજીઓ પૈકી કયા જાહેર માહિતી અધિકારી સામે કઈ માહિતી અંગે નારાજગી છે તેના વિવરણ સહ સમર્થનની વિગતો મોકલવા જણાવવામાં આવેલ છે તેમ છતાં અરજદારે તરફથી પૂરક વિગતોમાં તે મળેલ નથી.

અરજદારની અપીલ અરજીમાં જણાવેલ સુરત મહાનગરપાલિકાના જાહેર માહિતી અધિકારી પ્રો.ફંડ ના જાહેર માહિતી અધિકારી ઈ.એસ.આઈ ના જાહેર માહિતી અધિકારી અને સર્વીસટેક્ષના જાહેર માહિતી અધિકારી પાસે માહિતી અં ગે કરેલ અપીલ અંગે ઈ.એસ.આઈ. ખાતા તરફથી અરજદારને તા.૨૬–૧૦–૦૯ ના રોજ બંને કંપનીઓને ઈ.એસ.આઈ. બાબતેના પાઠવેલ પત્રોની નકલ અરજદારની જાણ હેઠળ પાઠવેલ છે તથા તા.૯–૧૨–૦૯ ના રોજ અરજદારને મુદ્દા નં.૧ અંગે ૫૬ પેજના રૂા.૧૧૨/– ભરપાઈ કરી મેળવવા જણાવેલ છે તેમજ મુદ્દા નં.૨,૩ અને ૪ તથા ૧૩ ની માહિતી નહીં આપવા જણાવેલ છે. આ અંગે અરજદારે અત્રેથી પાઠવેલ પત્ર નં.આરટીઆઈ સેલ/૯૬૪ તા.૩–૧૨–૦૯ માં જણાવ્યા અનુસાર અન્ય સત્તા મંડળના હોઈ સત્તા મંડળ હેઠળના અપીલ અધિકારીને અપીલ અરજી કરી શકે છે. પ્રસ્તુત કેસમાં સુરત મહાનગરપાલિકાના જાહેર માહિતી અધિકારી પાસેથી મેળવવાની માહિતી અંગે જાહેર માહિતી અધિકારીઓએ પાઠવેલ પત્રના સંદર્ભે અત્રે મળેલી વિગતોના આધારે ફકત ૨ જાહેર માહિતી અધિકારી પાસેથી માહિતી મેળવ્યાનું જણાય છે. જયારે અન્ય જાહેર માહિતી અધિકારીઓ અંગે અરજદારે જાહેર માહિતી અધિકારી તરફથી મળેલી વિગતો અંગે નારાજગીના કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી પરંતુ અપીલમાં ફકત ૪ કે ૫ ખાતાઓની વિગતો મળેલ છે પણ કયા ખાતાઓની વિગતો મળેલ છે તેવું જણાવેલ નથી. બાકીના ખાતાઓના જવાબ મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે. તે અંગેની કોઈ વિગતો અત્રેના વિભાગને પૂરક માહિતીમાં કે અપીલ તબકકે પત્રો પાઠવ્યા છતાં પણ મળેલ નથી. અત્રે મળેલ માહિતીના આધારે અરજદારને પત્રકમાં જણાવ્યા અનુસાર ખાતાઓ પૈકી હેડ વોટર વર્કસ, સેન્ટ્રલ ઓફિસ ,મ્યુઝીયમ, ટાઉન પ્લાનીંગ, શહેર વિકાસ, આઈ સી. ડી. એસ–૨, સો.વે.મે., સેન્ટ્રલ સ્ટોર્સ, નેચર પાર્ક સરથાણા, હિસાબીખાતુ, જનસંપર્ક, ગુમાસ્તાધારા અને વેસ્ટઝોન તરફથી માહિતી નહીં પૂરી પાડયાનું જણાય છે. તથા તે અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારે માંગેલ માહિતીનું સ્વરૂપ અને વ્યાપક પ્રકારની માહિતી હકીકતના વિવરણ પરથી સ્પષ્ટ થાય છે જે કાયદાની કલમ–૭(૯) હેઠળ જાહેર સત્તા મંડળના સ્ત્રોતને બદલે તે પ્રકારની ગણી શકાય. વધુમાં કેટલીક માહિતી કલમ–૧૧ હેઠળની પ્રક્રિયાને પાત્ર ગણી શકાય. તેમ છતાં નિર્દિષ્ટ વિગતેના માહિતી આપવાના પ્રયત્નો થયેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ઉપરોકત પત્રમાં જણાવ્યા અનુસાર જાહેર માહિતી અધિકારીઓએ માહિતી આપવાની બતાવેલી તૈયારી અંગે અરજદાર ઈચ્છુક હોય તો પત્રમાં જણાવ્યા મુજબના નાણા ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

ઉકત પેરામાં જણાવ્યા અનુસાર જાહેર માહિતી અધિકારીઓના વિભાગો તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી અંગે હેડ વોટર વર્કસ અંગે સીટી ઈજનેર, મ્યુઝીયમ અંગે આસી. કમિશ્નર, ટાઉન પ્લાનીંગ અને શહેર વિકાસ અંગે ડાયરેકટર ઓફ પ્લાનીંગ આઈ.સી.ડી.એસ–૨ અને સો.વે.મે. અંગે આરોગ્ય અધિકારી સેન્ટ્રલ સ્ટોર્સ અને નેચર પાર્ક સરથાણા અંગે ડે.કમિશ્નર(સ્પે.) હિસાબનીશ ખાતા અંગે આસી. કમિશ્નર(ફા.) જનસંપર્ક અને ગુમાસ્તાધારા અંગે ડે.કમિશ્નર(પઅનેઈ) વેસ્ટઝોન અંગે ઝોનલચીફ વેસ્ટઝોન લાગત ખાતાની લાગત માહિતી અંગે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા લાગત જાહેર માહિતી અધિકારીઓને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ, જનસંપર્ક અને ગુમાસ્તાધારા) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હેડ વોટર વર્કસ) , આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (મ્યુઝીયમ), ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ અને શહેર વિકાસ), આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આઈ.સી.ડી.એસ–૨ સો.વે.મે.), ડે.કમિશ્નર(સ્પે.) અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ સ્ટોર્સ અને નેચર પાર્ક સરથાણા ), આસી. કમિશ્નર(ફા.)( હિસાબનીશ ખાતુ), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વેસ્ટઝોન) તથા પાના નં.૨ થી ૪ માં નિર્દિષ્ટ તમામ જાહેર માહિતી અધિકારી ,.... જાણ તથા અમલ માટે

(૨) શ્રી ભીકડીયા રાકેશ કાળુભાઈ